જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/03/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૨ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર બોટલ, ૩૬૦ બિયર ટીન, ૦૨ કાર, ૦૪ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૯,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૯૦/૧૮**

**નરોડા :** રમેશભાઇ ભાઉરાવ નિખારે (ઉ.વ.૫૩)(રહે,શ્રીરામ સાનિધ્ય વસંતવિહાર પાસે કઠવાડારોડ નરોડા) એ તા.૨૫/03/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે એક અજાણ્યો માણસ (૨૫ વર્ષના આશરાનો) નરોડા બેઠક નજીક આવેલ ICICI BANK ના એ.ટી.એમ સેન્ટર ખાતે રમેશભાઇને પૈસા ઉપાડી આપવા માટે વિશ્વાસમા લઇ, રમેશભાઇને કુલ રૂપીયા ૧૫૦૦/- જેટલા ઉપાડી આપ્યા બાદ આરોપીએ અન્ય કોઇનુ એટીએમ કાર્ડ રમેશભાઇના એ.ટી.એમ.કાર્ડથી બદલી લઇ, રમેશભાઇના એટીએમ કાર્ડ નો અને પાસવર્ડ નો ઉપયોગ કરી, કેનેરા બેન્કના એટીએમ મશીનથી રૂપીયા ૨૧,૭૦૦/- ઉપાડી લઇ, રમેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એચ.બી.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૫૯૧/૧૮**

**ગાયકવાડ હવેલી :** મોહમદસલીમ અબ્દુલકાદર કુરેશી (ઉ.વ.૩૩)(રહે,કે.જી.એન.એપાર્ટમેંન્ટ પાંચમા માળે, મ.નં.૫૦૨ નવગજાપીરની દરગાહની બાજુમાં, વૈશ્યસભા જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/03/૧૮ બપોરના ૨/૧૫ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાની તિજોરીનું લોકર તોડી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.એ.ચાવડા ચલાવે છે.

**સરદારનગર :** કમલેશભાઇ રમેશભાઇ  છબરીયા (રહે,"એ" વોર્ડ રાજાવીર મંદીર પાસે, કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/03/૧૮ બપોરના 3/00 વાગ્યાના સુમારે પોતાના મકાનની ગેલેરીમાં ધાબાની દિવાલ થી પ્રવેશ કરી મકાન ના દરવાજા નો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, પેંટ ના ખિસ્સામાંથી રોકડ રકમ તથા તીજોરીમાંથી સોના ની બુટ્ટી, ચાંદી ના સિક્કા નંગ-૮ મળી કુલ રૂપિયા ૫૮,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**મેઘાણીનગર :** સંદિપકુમાર અશ્વિનીકુમાર યાદવ (રહે,શીવાજીનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/03/૧૮ બપોરના ૨/૧૫ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીના ગલ્લામાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૩૪,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી માધુસિહ વખતસિહ ચલાવે છે.

**નિકોલ :** પ્રવિણભાઇ ભીમાભાઇ આહીર (રહે,અંકુર ટેનામેટ ડી-માર્ટ ની પાછળ ન્યુ ઇન્ડિયા કોલોની નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/03/૧૮ ના કલાક ૧૨/00 થી તા.૨૫/03/૧૮ ના કલાક ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાથી સોના-ચાદીના દાગીના, પેનાસોનિક કંપનીનુ એલઇ.ડી. અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪૭,૨00/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.વાઢેર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૯૨/૧૮</u>**

**ચાંદખેડા :** મમતાબેન રાજેન્દ્રભાઇ જોષી (ઉ.વ.૩૭)(રહે,મલબેરી હેરીટેટ, ન્યુ સીજી.રોડ ચાંદખેડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/03/૧૮ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ. સોલંકી ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા :** રોશનકુમાર બાબુભાઈ ચોધરી (ઉ.વ.૧૯)(રહે.ગામ-ટીટીસર તા.મોડાસા જી.અરવલ્લી) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/03/૧૮ ના કલાક ૭/00 વાગ્યા પહેલા કોઇપણ સમયે જીઆઈડીસી વટવા ઈન્ડોજર્મન ટુલ રૂમ ના જુની હોસ્ટેલ ની રૂમ નંબર ૧૧૨ ખાતે માળિયાની લોખંડ ની જાળીના સળીયામાં લેસની પટ્ટી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જી.આઇ.ડી.સી. વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.